

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલના વિદ્યાર્થીઓની નેશનલ લેવલે ફૂટબોલ ટીમમાં પસંદગી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલના વિદ્યાર્થીઓ શિક્ષણ સાથે રમતગમતમાં પ્રભુત્વ જમાવી રહ્યા છે. તાજેતરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ગાંધીનગર ખાતે ગ્રામીણ લેવલની અંડર-૧૬ ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૭ ટીમે ભાગ લીધો હતો. આ ગ્રામીણ લેવલની ફુટબોલ સ્પર્ધામાં શાળાના ૧૬ વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા. શાળાના વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને ધ્યાનમાં લઈ શ્રી યશપાલ, શ્રી દેઓ રાજ, સાસ્વત એમ. ચૌધરી, મેહુલ પટેલ, રોનક ચૌધરી, આસુતોશ પ્રસાદ, વિશાલ પટેલ, નેશનલ લેવલની ફૂટબોલ ટીમમાં પસંદગી થઈ છે. નેશનલ લેવલે પસંદગી થતાં આચાર્યશ્રી તથા સંચાલક મંડળે શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદ્યાર્થીઓ નહીં મળતા પાંચ ફાર્મસી કોલેજોને બંધ કરાઈ

પ્રવેશ કમિટીને કોલેજ બંધ કરવા મોકલાયેલી અરજીનો સ્વીકાર:ઈજનેરી-ફાર્મસીની નવી ૨૪૦૦ બેઠક વધી છે

અમદાવાદ, તા.૧૮

ગુજરાતની ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા ચિંતાનો વિષય છે. ચાલુ વર્ષે વધુ પાંચ ફાર્મસી કોલેજોએ વિદ્યાર્થીઓ ન મળતા પોતાની કોલેજ બંધ કરવા અરજી આપી હતી. જેનો એડમીશન કમિટીએ સ્વીકાર કર્યો છે. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી સંલગ્ન એન્જિનીયરીંગ અને ફાર્મસી કોલેજોમાં વિદ્યાર્થીઓની ઘટતી સંખ્યા ચિંતાનો વિષય છે. જીટીયુ સત્તાવાળાઓ પણ માને છે કે હવેહાલ પૂરતી નવી કોલેજોને પરમીશન આપવાની જરૂર નથી. જે કોલેજો ચાલે છે તેમાં પૂરતી વ્યવસ્થા હોવી જરૂરી છે. પ્રવેશ કમિટીના સૂત્રોના જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે કેટલીક ફાર્મસી કોલેજોને વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા ન મળતા અંતે કોલેજ બંધ કરવા નિર્ણય કર્યો છે. આ કોલેજોએ એઆઈસીટીઈને લખેલી અરજીમાં પોતાની કોલેજને ચાલુ વર્ષથી બંધ કરવા જણાવ્યું છે. પ્રવેશ કમિટીને પણ અરજી મોકલી આપી છે. આ પાંચ કોલેજોમાં વલ્લભવિદ્યાનગરની એસ એમ પટેલ કોલેજ, કે. એન. વીરાની ફાર્મસી કોલેજ, મટોડા, રાજકોટ, ટી એસ પટેલ ફાર્મસી કોલેજ બાયડ, સવારામ ફાર્મસી કોલેજ-સુરેન્દ્રનગર અને એમ વી શાહ ફાર્મસી કોલેજ મોડાસાનો સમાવેશ થાય છે. પ્રવેશ કમિટીએ પાંચેય કોલેજોની અરજી સ્વીકારી તેમને કલોઝર માટેની મંજૂરી આપી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે ઈજનેરી-ફાર્મસીમાં ૨૪૦૦ બેઠકો નવી આવી છે.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ કબીર વડના પ્રવાસે

ગાંધીનગર, તા. ૧૮

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીઓનો પ્રવાસ વડોદરા જિલ્લાના કાયાવરણ, ઝાડેશ્વર, નારેશ્વર, કબીરવડ, વગેરે જગ્યાએ યોજાયો હતો. જેમાં ૧૦૦ વિદ્યાર્થીઓ ૭ શિક્ષિકા બહેનો જોડાયા હતા. શાળા પ્રવાસ મંત્રી શિક્ષિકા બહેનશ્રી ઉષાબેન દરજીએ આયોજન કરેલ હતું.

રાજેશ ખન્નાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિન્દી ચલચિત્ર જગતના વીતેલા દાયકાના પ્રસિદ્ધ અભિનેતા રાજેશ ખન્નાના દુઃખદ અવસાન અંગે ઊંડા આઘાત અને શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, હિન્દી ચલચિત્ર જગતમાં ૧૬૩ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરનારા અભિનેતા રાજેશ ખન્નાએ લાખો ચાહકોના દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું જે સદાકાળ ચિરંજીવ રહેશે.

ઉત્તમ શિક્ષકોનું નિર્માણ રાષ્ટ્રની જરૂરિયાત છે : વસુબેન ત્રિવેદી

આશ્રમ સંસ્કૃતિને અનુરૂપ પ્રશિક્ષણ સાથે વર્તમાન વિશ્વની માંગને પહોંચી વળી શકે તે રીતે ઘડતર કરવામાં આવી રહ્યું છે : ડૉ. કમલેશ જોશીપુરા

ગાંધીનગર, તા. ૧૮

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી વસુબેન ત્રિવેદીએ ગતરોજ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનના નવા વર્ષના સત્રનો ઉત્સાહભર્યા વાતાવરણમાં શુભારંભ કરાવ્યો હતો. યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરા અને પ્રથમ કુલસચિવ બિપીનભાઈ ભટ્ટે આમંત્રિત મહેમાનોની હાજરીમાં રાજ્યના દરેક જિલ્લામાંથી પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ,વાલીઓને પ્રેરણાદાયી વાતાવરણમાં પ્રાસંગિક વક્તવ્ય સાથે આવકારી શિક્ષણના સ્તરને ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચાડવાની જવાબદારી સ્વીકારી તેને નિભાવવા જણાવ્યું હતું.

દેશની પ્રથમ ટીચર યુનિવર્સિટીમાં એક વર્ષપૂર્ણ કરી અને બીજા વર્ષમાં પ્રવેશી રહેલા વિદ્યાર્થીઓ અને વર્ષ ૨૦૧૨-૧૩ના શૈક્ષણિક સત્રોમાં પ્રવેશ મેળવી રહેલા વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉત્સાહપૂર્વક વાતાવરણમાં આઈઆઈટીઈ કેમ્પસ ખાતે સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના શિક્ષણ મંત્રી વસુબેન ત્રિવેદીએ આ પ્રસંગે ગુજરાતમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર ખૂબ જ વધ્યો છે ત્યારે વાલી પણ પોતાનું સંતાન ઉચ્ચ અભ્યાસ કરી સારી કારકિર્દી તરફ આગળ વધે તે હેતુ છે. ઉત્તમ શિક્ષકોનું નિર્માણ એ રાજ્ય અને રાષ્ટ્રની સૌથી મોટી જરૂરીયાત છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શરૂ થયેલી આ યુનિવર્સિટીમાં તૈયાર થયેલા શિક્ષકો રાજ્ય અને સમગ્ર દેશ તથા વિદેશમાં ઉત્કૃષ્ટ શિક્ષક તરીકે પોતાની કારકિર્દી બનાવી શકશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ યુનિવર્સિટી શરૂ થવા ઉપરાંત યુનિવર્સિટીનું સ્વતંત્ર કેમ્પસ નિર્માણ પામે તે માટેની પ્રક્રિયા ત્વરીત હાથ ધરી છે તેનું નિર્માણ કાર્ય ટુંક સમયમાં શરૂ થશે. આઈ.આઈ.ટી.ઈ.માં પ્રવેશનો નિર્ણય લેવા માટે વસુબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ખાસ અભિનંદન પાઠવ્યા હતા.

યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કમલેશ જોશીપુરાએ આ પ્રસંગે વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે, આશ્રમ સંસ્કૃતિને અનુરૂપ પ્રશિક્ષણની સાથે વર્તમાન વિશ્વની માંગને પહોંચી વળી શકે તે રીતનું ઘડતર આઈ.આઈ.ટી.ઈ.માં કરવામાં આવી રહ્યું છે. અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ વિદ્યાર્થીઓ કરી શકે અને સાથો સાથ અભ્યાસ ઉપરાંત સંગીત, કલા તેમજ રમતગમત સહિતની પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસની સાથે એક ઉત્તમ શિક્ષક પાસેથી જે જે અપેક્ષા હોય તે પ્રકારેનું ઘડતર આઈ.આઈ.ટી.ઈ.માં કરવા અર્થનો પ્રયત્ન છે. ચાર વર્ષના ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમને અનુરૂપ દેશભરના તજજ્ઞોએ અભ્યાસક્રમ ઘડ્યો છે અને તેનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળી રહ્યો છે.

આઈ.આઈ.ટી.ઈ.ના પ્રાસંગિક કાર્યક્રમમાં કુલ સચિવ બિપીનભાઈ ભટ્ટે પ્રાસ્તાવિક વક્તવ્ય કરી આઈ.આઈ.ટી.ઈ.નો પરિચય આપી સર્વેનું હૃદયસ્પર્શી સ્વાગત કર્યું હતું. બિપીનભાઈ ભટ્ટે આ પ્રસંગે વર્ષ દરમિયાન થયેલી પ્રવૃત્તિઓને ચિતાર આપી કોલેજની પ્રવૃત્તિઓથી સૌ વાલીગણને અવગત કર્યા હતા. સમગ્ર સમારોહનું સંચાલન ડૉ. સુનિલ સાગરે અને આભારવિધિ ડૉ. માધવીબેન ઉપાધ્યાયે કરી હતી.

ડોનેશનના દૂષણને ઉગતું જ ડામી દેવા માટે કોંગ્રેસની માગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર અને જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ સામે ડોનેશનનું દૂષણ ઘુસી રહ્યાનું તેમજ શિક્ષણનું વ્યાપારીકરણ થતુ અટકાવવાની માંગ સાથે આજે શહેર કોંગ્રેસ સમિતિએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આવેદનપત્ર આપ્યું છે. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી ચીમન વિંઝુડા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી પ્રવિણ પટેલ, શ્રીમતિ પીન્કીબેન પટેલ, શ્રીમતિ ભાવનાબા વાઘેલા, શ્રીમતિ ભાવનાબેન ચાવડા, શ્રી અશોક શ્રીમાળી, શ્રીમતિ હંસાબેન મોદી, શ્રીમતિ મીનાબા વાઘેલા, શ્રી સુભાષ પાંડોર, શ્રી અંકિત બારોટ, શ્રી નામદેવ વરસાત સહિતના આગેવાનોએ આજે આ આવેદન-પત્ર આપ્યું હતું. આ આગેવાનોએ આવેદન-પત્રમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનું અમલીકરણ કરવાની માંગ કરી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં મર્જ કરાયેલી શાળાઓના નિર્ણયનો વિરોધ કરી તેની પુનઃ વિચારણા કરવા માટે પણ રજુઆત કરી જણાવ્યું છે કે ગરીબ - મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું હિત આ નિર્ણયથી જોખમાયુ છે.

ગાંધીનગર શહેરની પ્રા. શાળાઓની હાલત દયનીય બની છે તેમજ આ શાળાઓમાં વર્ષોથી રંગરોગાનની કામગીરી થઈ નથી. શહેરની પ્રા. શાળાઓમાં બાળકોને પીવાનું પાણી ચોખ્ખુ મળે તે માટે આર.ઓ. પ્લાન્ટ લગાવવા પણ માંગ આ આવેદન-પત્રમાં કરવામાં આવી છે. ગાંધીનગર શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓણાં શિક્ષકોની ઘટના મુદ્દે પણ ત્વરિત કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. ડોનેશન લેનારી શાળાઓની માન્યતા રદ કરવા સુધીના પગલાં લેવા માટે પણ માંગ કરવામાં આવી છે.

કર્મને ભગવાનને અર્પણ કરવું તે ભક્તિ છે અને પરમ-કલ્યાણ પામવું તે જ્ઞાન છે

આપણી અતિ પ્રાથમિક જરૂરિયાતો 'અન્ન-વસ્ત્ર ને આવાસ' આમાંથી એકપણ વસ્તુ કોઈ વ્યક્તિ એકલી પેદા કરી શકતી નથી કે બનાવી શકતી નથી

સંસ્કાર ચિંતન

- અનંતરાય ન વ્યાસ

દેવાન્ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ
પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ॥
ઈષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ
તૈર્દત્તાનપ્રદાયૈભ્યો યો ભુક્તયે સ્તેન એવ સઃ ॥

શ્રીમદ્ ભગવદ્ગીતા : ૩/૧૧-૧૨

'તમો સૌ યજ્ઞ વડે દેવોને ઉન્નત કરો. દેવો પણ તમને ઉન્નત કરશે. આ પ્રમાણે નિસ્વાર્થ ભાવે એકબીજાની ઉન્નતિ સાધતા તમો સો પરમ કલ્યાણ પામશો. યજ્ઞ વડે સંતુષ્ટ થયેલા દેવો તમોને ઈચ્છિત ભોગો આપશે. જે વ્યક્તિ દેવોએ આપેલ ભોગોને તેમને સમર્પણ કર્યા વિના જ ભોગવે છે તે ચોર છે.'

પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરવું એ મહાન પુણ્ય છે. પ્રયાગરાજમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરવું એ મહાન પુણ્ય છે. પરંતુ એ માટે ધન તથા સમય જોઈએ. પરંતુ ાપણે ત્યાં વિના ખર્ચે ત્રિવેણી સંગમ સ્નાનનું પુણ્ય મળે તેમ છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કર્મ-જ્ઞાન તથા ભક્તિની ગંગા-યમુના વહે છે. જ્ઞાન-ભક્તિ તથા કર્મમાંના સંગમમાં સ્નાન કરતાં તન ને મન બંનેનો મેલ ધોવાય છે. મનનો મેલ ધોવાતાં આપણી પુણ્યશાળી, પવિત્ર સંસ્કૃતિનો સંદેશ ચિત્તમાં ચમકી ઊઠે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્વાર્થને બદલે પરમાર્થની ભાવના વધારે જોવા મળે છે. ભૌતિક સંપતિની અપેક્ષાએ આધ્યાત્મિક સંપદ તરફ લોકોનું ધ્યાન વિશેષપણે રહે છે. ભોગ કરતાં ત્યાગની ભાવના, અન્ય માટે ઘસાઈ જવાની ઈચ્છા ને પ્રભુ પ્રત્યે સમર્પિત થવાનો ખ્યાલ - સૌના ચિત્તમાં સમાન ભાવે પ્રગટતો રહે છે.

આ સંસ્કારોને પોષણ આપ્યું છે આપણા ધર્મ ગ્રંથોએ. નિષ્કામ તથા નિસ્વાર્થભાવે કર્મ કરવાનું સૂચવતી ગીતા આમાં પ્રથમ સ્થાન પર છે. ગીતાજી માત્ર પુસ્તક કે ગુટકો નથી. એ તો જીવન જીવવાની પ્રક્રિયા છે. શ્રી મશરૂવાળા લખે છે, 'ગીતા તો અદ્ભૂત ગ્રંથ છે. તેના શ્લોકોનું જેમ જેમ ચ્યવન કરતા જઈએ, ઊંડું મનોમંથન કરતા જઈએ તેમ તેમ નવા નવા અર્થો પ્રાપ્ત થાય છે. નવું નવનીત ઉપર આવે છે. ગીતા ક્યારેય જૂનો ગ્રંથ નહિ થાય.' સામાન્યતઃ એક બીજામાંથી એક અંકુર ફૂટે...

પણ ગીતાજીના એક જ શ્લોકમાંથી જ્ઞાન પણ મળે, કર્મનો આદેશ મળે તો ભક્તિનો સંદેશ પણ મળે. આવી જ ગીતાનું પઠન-પાઠન ઉત્તમ ગણાય છે. ઉપરોક્ત બંને શ્લોકોમાં આ ત્રિવિધ ભાવના સમાયેલ છે.

યુગે યુગે માનવ વિકાસ માટે વિવિધ પધ્ધતિઓ શોધાતી રહે છે. આજના મૂડીવાદ, સમાજવાદ કે સામ્યવાદ પાછળની મૂળભૂત ભાવના તો જનહિતની જ હોય છે. પરંતુ આ બધા વાદો કરતાં બ્રહ્માએ શોધેલ તથા ઋષિમુનિઓએ પ્રચલિત કરેલ યજ્ઞ પધ્ધતિ વધારે શ્રેષ્ઠ છે. તેમાં કોઈ હિંસક ભાવ નથી ને યજ્ઞના અંતે યજમાનની તમામ વ્યક્તિગત સંપત્તિ સાર્વજનિક બને છે. યજ્ઞ સમાનતાનો પાયો રચે છે. યજ્ઞ એ નિસ્વાર્થ અને નિષ્કામ કર્મ છે. કર્મને ભગવાનને અર્પણ કરવું તે ભક્તિ છે અને પરમ-કલ્યાણ પામવું તે જ્ઞાન છે. એમ આ શ્લોકમાં સ્પષ્ટ થાય છે.

દેવોને ઉન્નત કરવાની વાત સમજવા જેવી છે. વેદ સમયમાં પ્રાકૃતિક તત્ત્વોને જ દેવ માનવામાં આવતા. સૂર્ય, જળ ને વાયુ આ મૂળભૂત દેવ ઊર્જાના સંસાધનો છે. અગ્નિ માનવ સર્જિત દેવ છે. આ ઊર્જા સ્રોતો આપણી ઉન્નતિ માટે મહત્ત્વનો ભાગ ભજવે છે તે તો આપણે જાણીએ છીએ. આ દેવોની પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં પૂજા કરવી જોઈએ. યજ્ઞ દ્વારા અગ્નિ ને વાયુ શુધ્ધ થાય છે. આ સંસાધનોને સ્વેચ્છાએ વેડફી ન દેવા જોઈએ. દેવો તો વણમાગ્યે ઊર્જાનો વરસાદ વરસાવે છે. આપણે તેનો યોગ્ય પ્રતિભાવ આપવો જોઈએ. યજ્ઞ લોક કલ્યાણ માટે કરવામાં આવે છે. લોક કલ્યાણની ભાવના પરસ્પરના સહકારથી સિધ્ધ થાય છે.

સમાજમાં પણ શ્રેષ્ઠ વ્યક્તિઓ તથા સામાન્ય જનોના સહકારથી જ સમસ્તનો ઉદય થતો હોયછે. માત્ર મૂડી, માત્ર જ્ઞાન કે માત્ર મજૂરી કંઈ નીપજાવી ન શકે. યોગ્ય સંયોગ રચાય તો જ ફળ મળે. હવે આ યજ્ઞ દ્વારા જે પ્રાપ્ત થાય તેની યોગ્ય વહેંચણી કરવી તે પણ સમસ્યા હતી. વિનોબાજી આ માટે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં જણાવે છે, 'સમાજમાં રહી વ્યક્તિ જે ભોગો ભોગવે છે, સાધન સગવડતા પ્રાપ્ત કરે છે તેમાં તેનો એકલાનો ભાગ હોતો નથી. હજારો કારીગરો-વ્યક્તિઓ-પશુઓ સૌ સમાન રીતે વાતાવરણ સર્જવામાં ભાગ ભજવે છે. લોકોના સમૂહ પ્રયત્નોથી જ સુખ સગવડતાનાં સાધનો ઉત્પન્ન થાય છે. દરેક વ્યક્તિ પોતાના સ્થાન તથા શક્તિ પ્રમાણે સગવડતાઓ ભોગવે છે. પરંતુ આવા સંસાધનોના ઉપયોગ કરવામાં સ્વર્થવૃત્તિ ન રાખવી જોઈએ. તમામ ભોગો હું એકલો ભોગવું ને તેમાં કોઈને ભાગ ન આપું તેવી અહંવૃત્તિ ન રાખવી જોઈએ.' આપણી અતિ પ્રાથમિક જરૂરિયાતો 'અન્ન-વસ્ત્ર ને આવાસ' આમાંથી એકપણ વસ્તુ કોઈ વ્યક્તિ એકલી પેદા કરી શકતી નથી કે બનાવી શકતી નથી. આપણા ભોજન માટે કોઈ ખેડૂતે રાતદિન શ્રમ કર્યો હોય છે તો વસ્ત્ર માટે કોઈ અજાણ્યા કારીગરે મીલોમાં રાતપાળી કામ કર્યું હોય છે. વસ્તુ પેદા કરવામાં સૌનો સહિયારો શ્રમ જ કારણભૂત હોય છે. માટે જ ગીતાજીમાં પરસ્પર સહકારની વાત કરાયેલ છે.

સહિયારા શ્રમે પેદા કરાયેલ વસ્તુ જે વ્યક્તિ એકલા જ ભોગવવા ઈચ્છે તેને ગીતામાં ચોર કહ્યો છે. ઘણી વખત આપણે વસ્તુની કિંમત નાણાંમાં ચૂકવી આશ્વાસન લઈએ છીએ કે આપણે મફત નથી લીધું. પરંતુ આ માટે પૂ. બાપુજી તથા વિનોબાજીના મંતવ્યો જાણવા જેવા છે. વિનોબા કહે છે, 'જેના શ્રમથી વસ્તુ પેદા થાય છે તે વસ્તુના ઉપયોગમાં તેનો પ્રથમ હક્ક

● અનુસંધાન છઠ્ઠા પાને

કેફિયત કલા સાધકની

- આશા સરૈયા

આશિકે મોહમ્મદ રફી હારીતભાઈ દવે

"બાર બાર દિન યે આયે, બાર બાર દિલ યે ગાયે, તુમ જીયો હજારો સાલ..." બીલેટેડ હેપી બર્થ ડે ટુ હારીતભાઈ! ગઈ કાલે એટલે કે તા. ૧૮-૭-૧૨ ના રોજ જેમનો જન્મદિવસ હતો એવા "આશિક - મોહમ્મદ રફી" શ્રી હારીતભાઈ જ. દવેનો જન્મદિનની અનેક શુભેચ્છાઓ...

૧૯૩૯ માં સંસ્કૃત ભાષાના સાક્ષર શ્રી જયાનંદ દવેના ઘેર ફ્રાંગધ્રા ખાતે હારીતભાઈનો જન્મ. આઠ વર્ષ સુધીનું બાળપણ કરાંચીમાં ને ત્યારબાદ ૧૯૪૭ થી મુંબઈ આવી વસ્યા. આઠ વર્ષની ઉંમરે જ રેડિયો સીલોન સાંભળવાની તક મળી અને જેમ પ્રથમ નજરે જ પ્રેમ થાય તેમ રેડિયો સીલોન સાથે ગાઢ દોસ્તી થઈ ગઈ. વળી કાકાના ગાવાના અને સંગીત શોખના કારણે હારીતભાઈએ નાની ઉંમરે જ ગાવાનું પણ શરૂ કર્યું.

રેડિયો સીલોન ઉપર પાર્શ્વગાયક મોહમ્મદ રફી સાહેબ અને તેમની ગાયકી સાંભળતા જ હારીતભાઈ તેનાથી અભિભૂત થઈ ગયા. અને આ રીતે "આશિકે મોહમ્મદ રફી" નો જન્મ થયો. અને ત્યારથી જ હારીતભાઈએ રફી સાહેબના ગીતો ગાવાનું શરૂ કરીને સંગીતની દુનિયામાં પ્રવેશ કર્યો.

શાળા-કોલેજના અભ્યાસ દરમિયાન હારીતભાઈનો રફી સાહેબના ગીતો પ્રત્યેનો પ્રેમ અને લગન સતત વધતા ગયા. ૧૯૬૦માં નોકરીને કારણે હારીતભાઈ દરિયાખાન કોલોની, અમદાવાદ આવી વસ્યા. ૧૯૬૦ થી ૭૦ સુધીના સમય ગાળામાં સદાબહાર ગીતોની બેઠકોનો દોર હારીતભાઈના ઘરેથી શરૂ થયો. આ કોલોનીમાં જ રહેતા જાણીતા ગાયકો મુનિકુમાર દેસાઈ અને રમણભાઈ પુરોહિત સાથે અંગત નાતો થતા આ ત્રિપુટીએ ગીત, ગઝલ, ગરબા, ભજનો વિ. કાર્યક્રમોની કોલોનીમાં ધૂમ મચાવીડ. ગુજરાતના પ્રસિધ્ધ વર્ષા કવિ શ્રી પ્રહલાદ પારેખના પુત્રી રક્ષાબેન સાથે હારીતભાઈ આ અરસામાં લગ્નબંધનથી જોડાયા. રક્ષાબેન પણ સારા ગાયિકા અને કલાકાર હોવાથી સોનામાં સુગંધ ભળી અને હારીતભાઈ - રક્ષાબેન બેઠકોમાં યુગલગીતો પણ રજૂ કરવા લાગ્યાં.

ગાંધીનરના સ્થાપના કાળથી (૧૯૭૦) જ હારીતભાઈ અહીં વસેલા. હારીતભાઈનો સંગીત પ્રેમ અને રફી સાહેબ પ્રત્યેની પ્રીતિ તથા લગનના કારણે સંગીતની બેઠકોનો દોર શરૂઆતથી જ ચાલુ થયો. રફી સાહેબનું કોઈ નવું ગીત સાંભળે એટલે તરત જ હારીતભાઈ પોતાના પાડોશી સંગીતજ્ઞો મુનિભાઈ અને રમણભાઈને ગાઈને સંભળાવે, ચર્ચાઓ થાય ને આમ રાતની બેઠકોમાં રજૂ કરવા માટે ગીતો તૈયાર થઈ જાય. સેકટર-૧૬ ના હારીતભાઈના નિવાસસ્થાને અનેક બેઠકો યોજાતી અને સદાબહાર જૂના ફિલ્મી ગીતોની લુત્ફ લુંટાતી. આ બેઠકોમાં હારીતભાઈ - રક્ષાબેન ઉપરાંત રમણભાઈ, મુનિભાઈ, પદ્માબેન-ગોવિંદભાઈ ઘાટે, બોરા બ્રધર્સ, સ્વ. પ્રિમરોઝબેન, સ્વ. હિંમતભાઈ પંડ્યા, મધુકર સેવક. વિ. સંગીતપ્રેમીઓ અમર અને કર્ણપ્રિય સંગીતના વારસાને જાળવવા જહેમત કરતા. હારીતભાઈ ફિલ્મ 'ઠોકર' નું હાઈ પીચનું ગીત **"ફિર વો ભૂલી સી યાદ આઈ હૈ..."** અને **"એક શહેનશાહને બનવા કે હંસી તાજમહલ..."** સફળતાપૂર્વક રજૂ કરતા જયારે રક્ષાબેન **"કહીં દીપ જલે કહીં દિલ"** તેમ જ પ્રિમરોઝબેન સાથે યુગલગીત **"દેખો બિજલી ડોલે બિન બાદલ,"** ની સરસ રજૂઆત કરતા. તો ફિલ્મ લાહોર, તરાના, સરગમ, સંગદિલ વિ. ફિલ્મોના યાદગાર ગીતો ગવાતા અને સુંદર વાતાવરણનું સર્જન થતું. સેકટર-૧૬ ના વસાહતીઓ માટે ૧૯૭૩માં હારીતભાઈ - રક્ષાબેન "લગ્નોત્સવ" નામનો સુંદર કાર્યક્રમ તૈયાર કરાવ્યો હતો. ૧૦૦ કલાકારોના કાફલાએ વડીપાપડ મૂકવા, લગ્ન લખવાની શરૂ કરીને વિદાય અને પહેરામણી સુધીનાં પ્રસંગોને વણી લઈને તાદૃશ્ય લગ્નનું વાતાવરણ ખડુ કર્યુ હતું. જે કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની રહ્યો છે. રક્ષાબેને તો અનેક નાટકોમાં પણ અભિનય આપ્યો છે. રફી સાહેબના ઉત્કંઠ પ્રેમી હારીતભાઈના ઘરમાં દાખલ થતા જ ડ્રોઈંગરૂમમાં લગાડેલ કેલેન્ડર, પેન સ્ટેન્ડ, વોલ કલોક, રફી સાહેબના અલગ અલગ મુડ્સ - એંગલ્સના ફોટોગ્રાફ્સ વિ. અલભ્ય ખજાનો તો જોવા મળે જ, સાથે સાથે હારીતભાઈનું વીઝીટીંગ કાર્ડ, લેટર પેડ વિ. પણ રફી સાહેબની તસ્વીરોથી સુશોભિત કરેલા છે. તેમના વિશાળ સંગ્રહમાં રફી સાહેબના ફોટોગ્રાફ્સ ઉપરાંત તેમની લોન્ગ પ્લે, ઈ.પી. રેકોર્ડસ, કેસેટ્સ, સીડીઓ, રફીજીના ગીતોના આલ્બમ, દૈનિકપત્રો - મેગેઝીનોમાં આવતા અસંખ્ય લેખો, ફોટોગ્રાફ્સ વિ. નો લેમીનેશન સાથેનો અદ્ભૂત ખજાનો છે. હારીતભાઈના જીવનનું પેશન એટલે મોહમ્મદ રફી. રફીજીના તમામ ગીતો તેમને કંઠસ્થ છે! રફી સાહેબના ગીત સંગીતને લોકો સુધી પહોંચાડવાનું મિશન તેમણે હાથમાં લીધું હોય તેમ "ગાંધીનગર યુનિક ગ્રામોફોન કલબ" ની સ્થાપના કરી અને તે દ્વારા ગુજરાતના ખૂણે ખૂણે રફી સાહેબના કાર્યક્રમો યોજાય, ગલીએ ગલીએ રફી સાહેબનો અવાજ ગુંજતો થાય તે માટે સક્રિય પ્રયત્નો કરી ગુજરાતભરમાં પત્રો વડે સંદેશા મોકલ્યા. હારીતભાઈ ગર્વથી કહે છે કે, આની ફળશ્રુતિ રૂપે ગુજરાતમાં ઠેર ઠેર રફી સાહેબના કાર્યક્રમો યોજાવા લાગ્યાં.

૧૯૯૪ માં ગાંધીનગર પધારેલા મહાન સંગીતકાર નૌશાદજીની જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણીના ઘરની મુલાકાત દરમિયાન એક બેઠક પણ યોજાઈ હતી. જેમાં હારીતભાઈ - રક્ષાબેને સુંદર ગીતો ગાઈને લોકોનું તેમજ નૌશાદજીનું મન મોહી લીધું હતું. ૩૧-૭-૮૦ નો એ દુર્ભાગ્યપૂર્ણ દિવસ, રફી સાહેબનું અકાળ અને અકલ્પ્ય અવસાન! ક્ષણનો પણ વિલંબ કર્યા વિના હારીતભાઈ મૂશળધાર વરસાદમાં પણ અંતિમયાત્રામાં પહોંચીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનું ચૂક્યા ન હતા. ત્યાર બાદ દર વર્ષે ૩૧ જુલાઈએ, રફી સાહેબની પુણ્યતિથિએ પોતાના ઘરે જ શ્રધ્ધાંજલિ અર્પતી બેઠકો યોજીને સાચા અર્થમાં સુરાંજલિ આપે છે. એટલું જ નહીં ગાંધીનગર ટાઉનહોલમાં પણ ગુજરાતના જાણીતા ઓરકેસ્ટ્રા સાથે શ્રધ્ધાંજલિના છ હાઉસફૂલ શો કર્યા છે. આમ તન, મન, ધનથી હારીતભાઈ ગુજરાતભરમાં "આશીકે રફી" તરીકે જાણીતા થયા છે. યોગાનુયોગ તેમની નોકરીમાંથી નિવૃત્તિ પણ તા. ૩૧ જુલાઈ (૧૯૯૭) ના રોજ થઈ અને તેમનો વિદાય સમારંભ પણ ગાંધીનગરનાં ભરચક ટાઉનહોલમાં યાદગાર રીતે યોજાયો. સંગીતને ભગવાન માનતા હારીતભાઈના બંને પુત્રો - અભિજીત અને દિગીશ પણ મરહુમ રફી સાહેબના એટલા જ ચાહક છે. હારીતભાઈએ બાયપાસ સર્જરી બાદ ગાવાનું બંધ કર્યું છે પરંતુ અમર સંગીત વારસાને જાળવાના કાર્યક્રમોના આયોજન દ્વારા નવા ગાયકોને - નવી પ્રતિભાને તક આપીને ખૂશ થાય છે. સમગ્ર કુટુંબ સંગીત કલાને સમર્પિત હોય તેવું આ સુંદર ઉદાહરણ છે. "આશિકે રફી" નો અલભ્ય અને દુર્લભ સંગ્રહ જોવાની તક મળે તો રખે ચૂકતા... **સો બાર જનમ લેંગે... સો બાર ફના હોંગે...** આશિકે રફી.